Ref.(LCR) No.21.2022

| GJRJ180008072022 | RECEIVED ON | 20-12-2022 |
| --- | --- | --- |
| | REGISTERED ON | 20-12-2022 |
| | DECIDED ON | 20-08-2024 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 00 08 01 |

**મોરબી જિલ્લાની સીટીંગ મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, મુકામ–મોરબી.**

**રેફરન્સ(એલ.સી.આર)નં. ૨૧ /૨૦૨૨**

**આંક– ૧૨**

**પ્રથમ પક્ષકાર:–** નાયબ કાર્યપાલક ઈજનેર,
સિંચાઇ પેટા વિભાગ નં.–૧૦,
બહુમાળી ભવન, બ્લોક સી, ચોથો માળ,
ગિરધરનગર, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર:–** નરેન્દ્રસિંહ સુરુભા વાઘેલા
૭, હનુમાન કવાર્ટર,
લીલાપર રોડ,
મોરબી

**હાજર રહયા :–** પ્રથમ પક્ષકાર તરફે વિ. સ.વ. શ્રી એન.ડી. કારીયા.
બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી વાય.બી.રાઠોડ.

**–:: <u>આંક–૧ અને આંક– ૯ હેઠળ સંયુકત હુકમ</u> ::–**

**(૧)** સદર રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતની કચેરી રાજકોટના હુકમ ક્રમાંક નં: કે.એચ.એસ. એચ.એમ.સી./આર.એ.જે./ ૧૫ /૨૦૨૨ , તા.૧૪/૧૨/૨૦૨૨ થી આ કામના બીજા પક્ષકાર શ્રી નરેન્દ્રસિંહ સુરુભા વાઘેલાને ગેરકાયદેસર છુટા કરેલ છે ત્યારબાદ છેલ્લા ત્રણ વરસમાં દરમિયાન થયેલી ભરતીમાં બોલાવેલા નથી જેથી કલમ ૨૫ (એચ) મુજબનો લાભ મળવો જોઇએ કે નહિ? તે મુદ્દાના ન્યાય નિર્ણય અર્થે અત્રેની કોર્ટમાં મોકલવામાં આવેલ છે.

**(૨)** રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ બીજા પક્ષકારે આંક–૫ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર ના તાબા હેઠળના મચ્છુ ડેમ, મોરબીના અલગ અલગ માટી બંધ વિભાગોમાં તા. ૦૧.૦૫.૧૯૮૩થી તા. ૩૧.૧૨.૧૯૯૦ સુધી એકધારી સળંગ

નોકરી મજુર તરીકે કરતા હતા અને તેમને પગારપત્રકમાં સહી લઈ પગાર આપવામાં આવતો હતો. તેમની સળંગ નોકરી થયેલી હતી. તેઓને તા. ૩૧.૧૨.૧૯૯૦થી પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર છૂટા કરતા તેઓએ ૨૦૦૮માં વિવાદ ઉપસ્થિત કરેલ જે મજુર અદાલતે ગ્રાહ્ય રાખેલ જેની સામે નામદાર હાઈકોર્ટમાં સંસ્થા જતા નામદાર હાઈકોર્ટે પીટીઈશન માન્ય રાખી લેબર કોર્ટનો ચુકાદો રદ કરેલ જેની સામે તેમણે કરેલ એલપીએ રદ કરવામાં આવેલી છે. નામદાર હાઈકોર્ટે ડીલેના મુદ્દા પર મજુર અદાલાતનો ચુકાદો રદ કરેલ છે. નામદાર હાઈકોર્ટે કલમ ૨૫(એચ) ઉપર કોઇ તારણ આપેલ નથી. છેલ્લા પાંચ વરસમાં પ્રથમ પક્ષકારે અલગ અલગ વિભાગો હેઠળ અસંખ્ય શ્રમયોગીઓની ભરતી કરેલી છે. કોર્ટના ચુકાદા આધારે પણ ભરતી કરવામાં આવેલી છે. આ તમામ શ્રમયોગીઓ સીનીયોરીટીમાં તેમનાથી જુનીયર હોવા છતાં તેમને કામે ચડાવી દીધેલા છે જ્યારે તેઓ અવારનવાર મોરબીની લોકલ ઓફીસે ધકકા ખાતા હોવા છતાં કામે ચડાવવામાં આવતા નથી. ઔધોગીક વિવાદધારાની કલમ ૨૫-(એચ) સ્વતંત્ર કાનુની જોગવાઇ છે. સંસ્થા દ્બારા નવી ભરતી કરવામં આવે ત્યારે પ્રથમ તેમને કામની ઓફર કરવી જરુરી બને છે પણ સંસ્થા ઈરાદાપુર્વક તેમને કામે ચડાવતી નથી. નવી ભરતીની માહીતી માંગવા છતાં કોઇ સ્પષ્ટ માહીતી આપતી નથી અને ઉડાઉ જવાબ આપે છે જે સંસ્થાની શુધ્ધબુધ્ધીનો અભાવ દર્શાવે છે. સંસ્થાએ છેલ્લા પાંચ વરસમાં ઘણા બધા મજુરોની ભરતી કરેલી છે અને તેમને કામની ઓફર આપેલ નથી જેથી કાયદાની કલમ ૨૫(એચ) નો ભંગ કરેલો છે. જેથી સંસ્થાનું આ પગલું રદ કરી ચડત પગાર સાથે સળંગ નોકરીથી નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપીત કરવા હુકમ કરવો જોઇએ.

(૩) પ્રથમ પક્ષકારે આંક-૭થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકારની કોઇ વરસમાં સળંગ નોકરી થયેલ નહતી અને તેમણે જાતે નાયબ કાર્યપાલક ઈજનેર, સિંચાઇ માટીબંધ પેટા વિભાગ નં.-૫, મચ્છુ-૨ ડેમ ખાતે રોજમદાર તરીકે એપ્રીલ-૧૯૮૯થી મનસ્વી રીતે કામે આવવાનું બંધ કરેલ હતુ. મચ્છુ -૨ યોજનાનું કામ પુર્ણ થતાં કચેરી ૪/૮૯થી ધ્રાફડ યોજનાની કામગીરી માટે વીસાવદર ખાતે સ્થાળાંતર કરેલ છે જેથી ૧૯૯૦ સુધી કામે આવેલા તે ખરુ નથી. મજુર અદાલતે આપેલ ચુકાદા વિરુધ્ધ સંસ્થાએ કરેલ પીટીશન નામદાર હાઇકોર્ટે મંજુર કરી લેબર કોર્ટનો હુકમ રદ કરેલ છે જેને આગળ પડકારી બીજા પક્ષકારે રદ કરાવવો જોઇએ. જેથી નામદાર હાઇકોર્ટે એકવાર ચુકાદો રદ કર્યા પછી તેની સામે મજુર અદાલતમાં જ અપીલ કરવી યોગ્ય ઠેરવી શકાય નહી. તા. ૧૭.૧૦.૮૮ના પરિપત્રથી નવા મજુરોની ભરતી પર પ્રતિબંધ મુકવામાં અવેલ હોઇ કોઇ નવી ભરતી કરવામાં આવેલ નથી જેથી નવી ભરતીની માહીતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નામદાર હાઇકોર્ટે તેમના ચુકાદામાં પાંચ મુદ્દા ઉભા કરી તેની ચર્ચા કરી પીટીશન મંજુર કરેલી છે. જેથી હાલનો કેસના ગુણદોષમાં ઉતર્યા સિવાય તેને રદ કરવો જોઇએ અને નામદાર હાઇકોર્ટે ચુકાદો જાહેર કર્યા પછી ફરી વખત આ રેફરન્સ કરેલ છે તેને કંટેમ્પટ ઓફ કોર્ટ ગણી બીજા પક્ષકાર વિરુધ્ધ કાર્યવાહી કરવી જોઇએ અને તેમને પેનલ્ટી સરકારી અધિકારીશ્રીનો સમય અને સરકારી તંત્રનો દુરુપયોગ કરવા માટે કરવી જોઇએ.

(૪) પ્રથમ પક્ષકારે આંક-૯થી અરજી રજુ કરી બીજા પક્ષકારે અગાઉ કરેલ રેફરન્સ કેસમાં થયેલા એવોર્ડને નામદાર હાઈકોર્ટે રદ કરેલ હોઇ અને તે સામે બીજા પક્ષકારે કરેલ એલપીએ નામદાર હાઈકોર્ટે રદ કરેલ હોઇ તે જ મુદ્દે ફરીથી કરવામાં આવેલ રેફરન્સ કાયદાની જોગવાઇ

મુજબ મેઇનટેબલ થતો ન હોઇ રદ કરવા દાદ માંગેલ છે.

(૫) બીજા પક્ષકારે આંક-૧૦થી આંક-૯ નો જવાબ રજુ કરી જણાવેલ છે કે અગાઉના કેસથી અલગ માંગણી તેમની હોઇ સંસ્થાએ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ હાજર થઇ રજુઆત કરેલ હોવા છતાં ન્યાયનિર્ણય માટે રેફરન્સ કરવામાં આવેલો છે જેને સંસ્થાએ નામદાર હાઇકોર્ટમાં પડકારેલ નથી. હાલનો વિવાદ ઔધોગીક વિવાદ ધારાની કલમ ૨૫(એચ) મુજબનો છે જે પુરાવા લીધા સિવાય નકકી થઇ શકે નહી જેથી અરજી રદ કરવી જોઇએ.

(૬) પ્રથમ પક્ષકાર તર્ફે વિ.સ.વ.શ્રી એન.ડી.કારીયા અને બીજા પક્ષકાર તર્ફે વિ .વ.શ્રી વાય.બી. રાઠોડે મૌખીક દલીલો કરેલી છે.

(૭) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:<u>મુદ્દા</u>:**

(૧) શું બીજા પક્ષકારનો આ રેફરન્સ ચાલવાપાત્ર થાય છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧)નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

(૯) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) આ કામે પ્રથમ પક્ષકારે આ અરજી બીજા પક્ષકારે અગાઉ રેફરન્સ કેસ કરેલ તેમાં થયેલ એવોર્ડને નામદાર હાઇકોર્ટે રદ કરેલો હોવા છતાં તે જ મુદ્દા પર ફરીથી કરેલ હોઇ તેમનો રેફરન્સ ચાલવાપાત્ર થતો ન હોઇ રદ કરવો જોઇએ તેમ દાદ માંગતી આપેલી છે. એટલે કે, પ્રથમ પક્ષકારના કહેવા મુજબ બીજા પક્ષકારના રેફરન્સને પુર્વનિર્ણયબાધ લાગુ પડે છે. જયારે બીજા પક્ષકારનું કહેવુ એવુ છે કે નામદાર હાઇકોર્ટે અગાઉના રેફરન્સ કેસમાં થયેલ એવોર્ડને રદ કરેલ છે પણ તે ડીલેના કારણસર રદ કરેલ છે. કલમ ૨૫(એચ) અંગે કોઇ તારણ નામદાર હાઇકોર્ટે આપેલ નથી જેથી તેમનો આ રેફરન્સ જે કલમ ૨૫(એચ) બાબતે છે તે ચાલવાપાત્ર થાય છે.

(બી) પક્ષકારોની રજુઆત ધ્યાને રાખી રેકર્ડ જોતાં આ કામના બીજા પક્ષકારે અન્ય કામદારો સાથે અગાઉ રેફરન્સ (એલસીઆર) કેસ નં. ૯૪/૨૦૦૮ કરેલ અને તેમાં તા. ૧૫.૧૨.૨૦૦૮ના રોજ કરવામાં આવેલ સંયુકત એવોર્ડને નામદાર હાઇકોર્ટે સ્પે.સી.એ. નં. ૯૫૫૮/૨૦૦૯ થી ૯૫૮૨/૨૦૦૯માં તા. ૧૩/૦૧/૨૦૧૦,તા. ૧૫/૦૧/૨૦૧૦,તા. ૧૮/૦૧/૨૦૧૦ અને તા. ૧૯/૦૧/૨૦૧૦ના કોમન જજમેન્ટથી રદ કરેલ છે તે બાબતે બન્ને પક્ષો વચ્ચે કોઇ વિવાદ નથી. બન્ને પક્ષકારોએ સદર હુકમ વિરુધ્ધ એલપીએ કરવામાં આવેલ તે રદ થયેલી છે તેમ સ્વીકારેલ છે. બીજા પક્ષકારની તકરાર એવી છે કે તેમણે હાલનો

કરેલ રેફરન્સ ઔધોગીક વિવાદ ધારો–૧૯૪૭ (જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે) ની કલમ ૨૫–(એચ) અન્વયે ઉપસ્થિત કરેલ વિવાદ અંગે છે જે કલમ સ્વતંત્ર કલમ છે જેથી તેમના રેફરન્સને પુર્વનિર્ણયબાધનો સિધ્ધાંત લાગુ પડતો નથી. બીજા પક્ષકારની તકરાર રેકર્ડને લક્ષમાં લેતા ચાલવાપાત્ર થતી નથી. કારણ કે, મજુર અદાલત રાજકોટે અગાઉના બીજા પક્ષકાર અને અન્ય કામદારોએ આ કામના પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ કરેલા રેફરન્સ કેસ નં. ૮૩/૨૦૦૮, ૮૭/૦૮ થી ૯૧/૦૮, ૯૪/૦૮થી ૯૮/૦૮, ૧૦૦/૦૮ થી ૧૦૩/૦૮, ૧૦૫/૦૮ થી ૧૦૯/૦૮, ૧૧૧/૦૮, ૧૧૫/૦૮, ૧૧૭/૦૮ અને ૧૧૮/૦૮ (કુલ ૨૫)માં આપેલ સંયુકત એવોર્ડને વંચાણે લેતા તેમાં પેરા–૩માં શ્રમયોગીઓએ તેમના માંગણા નિવેદનમાં કરેલ રજુઆતની નોંધ કરેલ છે તેમાં તે કેસના બીજા પક્ષકાર શ્રમયોગીઓએ તેમના પછીથી નોકરીમાં આવેલા કામદારોને કામ પર ચાલુ રાખેલ હતા, તેમજ તેઓને છુટા કરી તેમની જગ્યાએ નવા કામદારોની ભરતી કરેલી છે. આમ, સંસ્થાએ તેઓને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ હોય પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપીત કરવા માંગણી કરેલી છે તેમ જણાવેલુ છે. સદર એવોર્ડના પારા–૧૯ તથા ૨૦માં કલમ ૨૫–જી,એચ બાબતે નિર્ણય મજુર અદાલતે કરેલ છે અને પારા –૨૧માં બીજા પક્ષકારને છુટા કરવાનું સંસ્થાનું પગલું ઔધોગીક વિવાદધારાની કલમ ૨૫– એફ,જી અને એચ તથા ઔધોગીક વિવાદ ગુજરાત રુલ્સ–૧૯૯૬ના નિયમ–૮૧ અને ૮૨ નો ભંગ કરનારુ હોય આ પગલું ગેરકાયદેસર ઠરવાપાત્ર બને છે અને તેથી સામાવાળાએ અરજદારોની ગેરકાયદેસર છટણી કરેલ હોવાનું આથી ઠરાવવામાં આવે છે તેમ મજુર અદાલતે જણાવેલુ છે. જેથી મજુર અદાલતે બીજા પક્ષકાર શ્રમયોગીની કાયદાની કલમ–૨૫ એફ,જી,એચનો ભંગ કરી છટણી કરવામાં આવેલ તેમ ઠરાવી બીજા પક્ષકારની તરફેણમાં એવોર્ડ કરેલ હતો. મજુર અદાલતના આ એવોર્ડને નામદાર હાઇકોર્ટે રદ કરેલ છે. જેથી બીજા પક્ષકારે અગાઉ જે તકરારો ઉઠાવી હતી અને જે તકરારનો નિર્ણય સક્ષમ અદાલત દ્બારા કરવામાં આવેલ છે તે તકરાર અંગે નવેસરથી વિવાદ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સામે લાવી શકે નહી કારણ કે, નવા વિવાદને સ્પષ્ટ રીતે પુર્વનિર્ણયના સિધ્ધાંતનો બાધ નડે છે. સીવીલ પ્રોસીજર કોડની કલમ–૧૧ થી જણાવેલ પુર્વનિર્ણય અંગેની જોગવાઇ નીચે મુજબ છે.

SEC.–11. Res judicata.– No Court shall try any suit or issue in which the matter directly and substantially in issue has been directly and substantially in issue in a former suit between the same parties, or between parties under whom they or any of them claim, litigating under the same title, in a Court competent to try such subsequent suit or the suit in which such issue has been subsequently raised, and has been heard and finally decided by such Court.

Explanation I.– The expression "former suit" shall denote a suit which has been decided prior to a suit in question whether or not it was instituted prior thereto.

Explanation II.–For the purposes of this section, the competence of

a Court shall be determined irrespective of any provision as to a right of appeal from the decision of such Court.

Explanation III.– The matter above reffered to must in the former suit have been alleged by one party and either denied or admitted, expressly or impliedly, by the other.

Explanation IV.– Any matter which might and ought to have been made ground of defence or attack in such former suit shall be deemed to have been directly and substantially in issue in such suit.

Explanation V.– Any releif claimed in the plaint, which is not expressely granted by decree, shall for the purposes of this section, be deemed to have been refused.

Explanation VI.– Where any person litigate bonafide in respect of a public right or of private right claimed in common for themselves and others, all persons interested in such right shall, for the purposes of this section, be deemed to claim under the persons so litigating.

Explanation VII.– The provision of this section shall apply to a proceeding for the execution of a decree and references in this section to any suit, issue or former suit shall be construed as references, respectively, to a proceeding for the execution of the decree, question arising in such proceeding and a former proceeding for the execution of that decree.

Explanation VIII.– An issue heard and finally decided by a Court of limited jurisdiction, competent to decide such issue, shall opreate as res judicata in a subsequent suit, notwithstanding that such Court of limited jurisdiction was not competent to try such subsequent suit or the suit in which such issue has been subsequently raised.

આ કેસમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર બન્નેે અગાઉના કેસમાં પક્ષકાર તરીકે હતા. બીજા પક્ષકારે કાયદાની કલમ ૨૫ (એચ)ના ભંગની તકરાર અગાઉના રેફરન્સમાં ઉઠાવેલી હતી અને સક્ષમ અદાલતે તેનો ગુણદોષ ઉપર ન્યાયનિર્ણય કરેલ અને તે નિર્ણયને સક્ષમ અદાલતે રદ કરેલ છે. આમ, અગાઉના કેસમાં એક જ પક્ષકારો વચ્ચેની તકરારનો સક્ષમ અદાલત દ્વારા ન્યાયનિર્ણય થઈ ગયેલ હોઇ તે નિર્ણય આ કેસમાં બાધીત બીજા પક્ષકારને બને છે. બીજા પક્ષકાર ફરી ફરીથી એક જ તકરાર જેનો નિર્ણય થઈ ગયેલ છે

તે ઉઠાવી શકે નહી. જો તેમ કરવાની પરવાનગી બીજા પક્ષકારને આપવામાં આવે તો કાર્યવાહીનો કોઇ અંત જ આવે નહી.

**(સી)** નામદાર હાઈકોર્ટે ૨૦૧૦માં હુકમ કરેલ છે તે પછી બીજા પક્ષકારે ૨૦૨૨માં આ વિવાદ ઉપસ્થિત કરેલ છે. બીજા પક્ષકારે અગાઉ કાયદાની કલમ ૨૫–એફ,જી,એચનો ભંગ કરી તેમને પ્રથમ પક્ષકારે છુટા કરેલ તે બાબતે ઉપસ્થિત કરેલ ઔધોગીક વિવાદ હકીકતમાં અસ્તિત્વ જ ધરાવતો ન હતો તેવું નામદાર હાઈકોર્ટે જજમેન્ટના પેરા–૨૯માં ઠરાવેલ છે. જેથી બીજા પક્ષકારની છટણી પ્રથમ પક્ષકારે કરેલ હતી અને તે ગેરકાયદેસર કરવામાં આવેલી હતી તેવું નામદાર હાઈકોર્ટે માન્ય રાખેલ નથી. જેથી જ્યારે છટણી કરવામાં આવેલ હતી તેવું બીજા પક્ષકારની તરફેણમાં નકકી થયેલ ન હોય ત્યારે કલમ ૨૫(એચ) અમલમાં આવતી નથી. જેથી પણ તેમનો આ રેફરન્સ ચાલવાપાત્ર થતો નથી. કાયદાની કલમ–૨૫(એચ) અને નિયમ–૮૨ નીચે મુજબ છે.

**કલમ–૨૫(એચ):– <u>છટણી કરેલા કામદારોને ફરીથી કામે રાખવા બાબત</u> :**

કોઈ કામદારની છટણી કરવામાં આવી હોય અને માલિક કોઈ વ્યકિતઓને કામે રાખવા માગે, ત્યારે તેનો, ભારતના નાગરિકો હોય એવા છટણી કરેલા કામદારોને ફરીથી કામે રહેવા માટે ઠરાવવામાં આવે તે રીતે તક આપવી જોઈશે અને એવા છટણી કરેલા કામદારો ફરી કામે રહેવા માંગે તો તેઓને બીજી વ્યકિતઓ કરતાં પહેલી પસંદગી આપવી જોઈશે.

**નિયમ–૮૨:– <u>છટણી કરેલા કામદારોને ફરીથી કામે રાખવા બાબત :</u>**

**(૧)** કોઈ કામદારની છટણી કરવામાં આવી હોય અને માલિક કોઈ વ્યકિતને કામે રાખવા માટે, ત્યારે તેણે છટણી કરેલા કામદારોને ફરીથી કામે રહેવા માટે તક આપવી જોઈએ:

**(એ) (ક)** ભરવાની ખાલી જગ્યાઓની સંસ્થા પચાસ કરતાં ઓછી ન હોય, તો તેણે, પત્રમાં ઔધોગિક સંસ્થા આવેલી હોય તે લતામાં ફેલાવો ધરાવતાં ગુજરાતી વર્તમાન પત્રમાં ભરવાની ખાલી જગ્યાઓની વિગતો આપતી નોટિસ પ્રસિધ્ધ કરવી જોઈશે.

**(બી) (ખ)** અન્ય કોઈ કિસ્સામાં, તેણે આવી કોઈ ખાલી જગા ઉપર નિમવાને પાત્ર હોય એવા છટણી કરેલા લાયક કામદારો પૈકી દરેકને તેના છેલ્લા જાણીતા સરનામે ભરવાની ખાલી જગ્યાઓની વિગતો આપતી નોટીસ રજીસ્ટર્ડ ટપાલથી મોકલવી જોઈશે અને યથાપ્રસંગ, આવી નોટીસની પ્રસિધ્ધીની તારીખથી અથવા, આવી નોટીસમાંથી છેલ્લી નોટીસની રવાનગી તારીખથી સાત દિવસ વીત્યા હોવા જોઈશે;

પરંતુ ખાલી જગાઓ જાહેર કરવા સંબંધી કોઇક ઔદ્યોગીક સંસ્થાના કોઈ સ્થાયી હુકમોમાં જોગવાઈઓ હોય ત્યારે એવી ખાલી જગાઓના સંબંધમાં નોટીસો આવા સ્થાયી હુકમો અનુસાર પ્રસિધ્ધ કરવી જોઈએ અથવા આપવી જોઈએ.

વધુમાં, છટણી કરેલા કામદારે માલિકને પુરતું કારણ લખી જણાવ્યા વિના આ નિયમ હેઠળ માલિકે આપેલી જાહેર નોટીસમાં અથવા તેને મોકલેલી વ્યકિતગત નોટીસમાં નિર્દિષ્ટ કરેલી તારીખોએ ફરીથી કામે રહેવા માટે માંગણી કરી ન હોય, તો માલિક, કોઈ પછીના પ્રસંગે ખાલી જગાઓ ભરવામાં આવે તે અંગે તેને જાણ કરશે નહિં.

(૧૦) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતી ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

(૧) આથી પ્રથમ પક્ષકારની આંક–૯ની અરજી ગ્રાહય રાખવામાં આવે છે.

(૨) બીજા પક્ષકારના રેફરન્સ કેસને પુર્વનિર્ણયના સિધ્ધાંતનો બાધ નડતો હોઇ તે આથી રદ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ: ૨૦/૦૮/૨૦૨૪** **(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**સ્થળ : મોરબી.** **જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**જાતે** **સીટીંગ મજુર અદાલત, મોરબી.**